BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

<u>પ્રવેશ પરિપત્રઃ-</u>

વિષયઃ- વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયના સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અંગે મુદ્દતમાં વધારો કરવા બાબત.

સંદર્ભઃ- અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૭૫૬૨૦૨/૨, તા.૨૨/૦૬/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાઓનાં વડાઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયના સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં માટે કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડયુલ નિયત કરવાની કામગીરી તા.૦૨/૦૭/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ હતું.

ઉક્ત વિગતે જુદી-જુદી કોલેજોની આવેલ રજુઆતો ધ્યાને લઇ વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયના સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો માટે કોલેજ કક્ષાએથી ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટેની મુદત તા.૧૫/૦૭/૨૦૨૨ સુધી લંબાવવામાં આવે છે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને તમામ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા તા.૧૫/૦૭/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. (પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૭૩/૨૦૨૨, તા.૦૧/૦૬/૨૦૨૨) ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૬૧/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૨/૦૭/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાઓનાં વડાઓ તરફ...

<u>નકલ સાદર રવાનાઃ-</u>

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) પરીક્ષા વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-</u>

આઈ.ટી.સેલ વિભાગ (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)